R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 35 DATE: 27-08-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## બીબીસીને આરબીઆઇના ગર્વનર રાજને આપેલી મુલાકાત તેઓએ તેમના વિચારોને સ્પષ્ટથી રજુ કર્યા

બીબીસીને આપેલી મુલાકાતમાં આરબીઆઈના ગર્વનર રાજને તેમના વિચારો સ્પષ્ટ કરતાં કહ્યુ હતું કે તેમના વિચારોને કેટલીક વાર સરકાર વિરોધી વિચાર માનીને આલોચના કરવામાં આવે છે.તેમને લાગે છે કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિષે જે કાંઈ કહેશે તે સમસ્યાજનક બની જશે.

અસહિષ્ણુતા સરકારની ફ્લેગશીપ યોજના મેક ઈન ઈન્ડીયા જેવા પ્રશ્ને તેમણે આપેલી ટિપ્પણીથી વિવાદ સર્જાયો હતો.બીબીસીને આપેલી મુલાકાત દરમિયાન રઘુરામ રાજને કહ્યુ હતું કે મને લાગે છે કે તે પ્રશ્નને હું જતો કરુ.જે કોઈ જવાબ આપીશ તેને કારણે સમસ્યા વધશે. ચાર સપ્ટે.ના રોજ તેઓ પોતાના કેળવણીજગતમાં પાછા ફરવાના છે ત્યારે શિકાગો યુની.ના ફાઈનાન્સ વિષયના અધ્યાપકે આ પ્રશ્નોના જવાબ આપવાનું ટાળ્યુ હતું.

તેમણે કેળવણી ક્ષેત્રમાં પાછા ફરવાનું નક્કી કર્યા પછી એમ કહેવાયું કે તેમના જાહેર નિવેદનોથી સરકાર મુંઝવણમાં મુકાતી હતી, તે મુંઝવણે સરકારને રાજને એક વધુ મુદત માટે પુનઃનિયુક્તિ કરતાં અટકાવ્યા.રાજને રાજકારણમાં જોડાવાની શક્યતાને નકારી હતી. આ પ્રશ્નો ઉત્તર આપતાં તેમણે કહ્યુ હતું કે રાજકારણમાં જોડાવાનો આ એક મુદ્દો છે કે જ્યાં મારી પત્ની સ્પષ્ટ ના પાડે છે.

ભારતના સૌથી ઈચ્છનીય વ્યક્તિ બની રહેતા કેવો અનુભવ કર્યો ? તે મુજબના પ્રશ્ના ઉત્તરમાં તેમણે કહ્યુ કે ૨૫ વર્ષની ઉંમરે આવો અનુભવ થાય એમ હું ઈચ્છું છું.પોતે એક બોરીંગ વ્યક્તિ હોવાનું કહેતા રાજને કહ્યુ કે કોઈ મને રોકસ્ટાર બેંકર કહે ત્યારે મને વધુ પડતું લાગે છે.

અગાઉ ટીવી મુલાકાત આપતાં રાજને કહ્યુ હતું કે રિઝર્વ બેન્કના અધુરા કામો પુરા કરવા થોડો વધુ સમય પદ પર ચાલુ રહેવા તેઓ માનસિક રીતે તૈયાર હતા પરંતુ પદ છોડીને જવાનો આનંદ છે.

તેમણે કહ્યુ હતું કે સરકાર સાથેની વાતચીત એવા સ્તર સુધી ના પહોચી કે જેમાં હું પદ પર ચાલુ રહેવા સહમત થઈ શકુ.

## કાશીના શંકરાચાર્ય નરેન્દ્રાનંદ સરસ્વતી વડાપ્રધાનના નિવેદનથી નારાજ : ગૌરક્ષકો દુકાન ચલાવતા નથી,પરંતુ જીવનું બલિદાન આપે છે

કાશીની સુમેરુ પીઠના શંકરાચાર્ય નરેન્દ્રાનંદ સરસ્વતીએ નિવેદન કર્યુ હતું કે વડાપ્રધાન મોદીએ ગૌરક્ષાના નામે દેશમાં દુકાનો ચાલી રહી છે તે ટિપ્પણી યોગ્ય નથી.તેમણે કહયુ કે વડાપ્રધાનના આવા નિવેદનથી ગૌહત્યા કરનારાઓને પ્રોત્સાહન મળશે અનો તેમનો નાણાંકીય લાભ મળશે.

શંકરાચાર્ય વારાણસી જે વડાપ્રધાન મોદીનો સંસદીય વિસ્તાર છે ત્યા આ નિવેદન કર્યુ હતું.તેમણે કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી દિલ્હીની ફાઈવ સ્ટાર હોટલોમાં પીરસાતું ગૌમાંસ જોઈ શકતા નથી ? વિશ્વ હિદું પરિષદ,ગૌ સંવર્ધન પરિષદ અને સંઘ(આરએસએસ) બજરંગ દળ સૌથી વધુ ગૌરક્ષાની વાત કરે છે. તો શુ તે બધા દુકાનો ચલાવે છે ?

શંકરાચાર્યે કહ્યુ હતું કે એક તરફ વડાપ્રધાનનો અંતરાત્મા કહે છે કે કતલખાના બંધ નહી થાય અને બીજી તરફ હવે વડાપ્રધાન કહે છે કે ગૌરક્ષાના નામે ચાલતી દુકાનો બંધ થવી જોઈએ.આ ગાયનો દેશ છે અને તેનુ રક્ષણ થવું જ જોઈએ. જો કોઈ ખોટું કરતું હોય તો તેની સામે પગલાં લો. તેમણે કહ્યુ કે વડાપ્રધાનનું નિવેદન વાંધાજનક છે.અને તેનાથી તો ગૌહત્યા કરનારાઓને પ્રોત્સાહન મળશે. ગૌરક્ષકો દુકાનો નથી ચલાવતાં, તેઓ તો ગૌરક્ષા માટે તેમના જીવનું બલિદાન આપે છે.

પિન્ક રેવોલ્યુશન બંધ કરવાની વાતો કરનારા પીએ મોદી બદલાઈ ગયા.દેશમાં ગૌરક્ષાનું કામ કરતાં ૧૮ જેટલા સંગઠનોના બનેલા ગોરક્ષક દળના પ્રમુખ આલોકકુમાર પાંડેએ વડાપ્રધાન મોદીની ટીકા કરતાં કહ્યુ કે જે વ્યક્તિએ ચુંટણી પહેલાં પિન્ક રેવોલ્યુશન(માંસની નિકાસ) બંધ કરવાનું વચન આપ્યુ હતું તે હવે બદલાઈ ગયા છે.તેમણે અમારા માટે નીચું જોવા જેવી સ્થિતિ ઊભી કરી દીધી છે.

આરએસએસના સરકાર્યવાહક સુરેશ ભૈયાજી જોશીએ કહયું છે કે કેટલાક અસામાજિક તત્વો ગૌરક્ષાના નામે કાયદો હાથમાં લઈને હિંસા ફેલાવીને સમાજનો માહોલ ખરાબ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.તેનાથી ગૌરક્ષા અને ગૌસેવાના પવિત્ર કાર્ય પ્રત્યે આશંકા ઊભી થઈ છે.આવા તકવાદીઓના પ્રયાસને ગૌરક્ષાના કાર્યમાં લાગેલા દેશવાસીઓ સાથે ન જોડવા જોઈએ અને આવા તત્વોનો પર્દાફાશ કરવો જોઈએ.

પ્રાણી કલ્યાણના ક્ષેત્રે કામ કરતાં કેટલાક એનજીઓને વડાપ્રધાનની ટીકા ગમી છે.તેનાથી તેઓ રાહત અનુભવી રહ્યા છે. આ મુદ્દાને રાજકીય રંગ આપવા અને તેને હિદુત્વ સાથે સાંકળવાથી ખરેખર પશુને બચાવવાની કામગીરીને અસર થઈ છે.કેટલાક હિંદુ જુથો જ્યારે આમાં પડે છે ત્યારે પશુઓને બચાવી શકાતા નથી. ઉલટાનુ તેઓનું મોત થાય છે

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## રાજ્યસભામાં મેટરનીટી બેનીફીટ બિલ પસાર : ખાનગી કંપનીમાં પણ ૨૬ સપ્તાહની મેટરનીટી લીવ મળશે

મહિલા કર્મચારી માતૃત્વનો લાભ માણી શકે તે માટે સરકાર દ્વારા વર્કિંગ વુમન માટે પ્રશંસનીય પગલું ઉઠાવાયુ છે.જે અંતગર્ત મહિલાઓ માટે મેટરનીટી લીવની મુદત ૧૨ અઠવાડીયાથી વધારીને ૨૬ અઠવાડીયા કરવામાં આવી છે.રાજ્યસભામાં કેન્દ્રીય શ્રમ અને રોજગારમંત્રી બંડારુ દત્તાત્રયે મેટરનીટી બેનિફીટ બિલ ૨૦૧૬ પ્રસ્તુત કર્યુ હતું જેને કારણે કામકાજ કરતી મહિલાઓને પ્રસુતિમાં મળતી રજાઓને લંબાવીને સાડા છ મહિના સુધીની કરવામાં આવી છે. આ ઠરાવને સંપુર્ણ બહુમતી સાથે રાજ્યસભામાં પસાર કરાયા બાદ હવે લોકસભામાં પ્રસ્તુત કરવામાં આવશે.લોકસભામાં પ્રસ્તાવ પાસ થયા પછી રાષ્ટ્રપતિની મંજુરી માટે જશે્ને ત્યાર બાદ સરકારી નોકરીની સાથે ખાનગી કંપનીઓની મહિલા કર્મચારીઓને આનો લાભ મળશે.આ ઉપરાંત જેઓ બાળક દત્તક લે છે તેવી મહિલાઓ અને સરોગેટ મધર્સને તેને લાભ આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.કોગ્રેસ અને ડાબેરીઓના વોકઆઉટ બાદ આ બિલ રાજ્યસભામાં પસાર કરાયું હતું.

ઠરાવમાં નવજાત બાળક દત્તક લેનાર માતા અને સરોગેટ મધર્સને લાભ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીએ જણાવ્યુ હતું કે જે મહિલાઓ નવજાત બાળકોને દત્તક લેશે તેમને ૧૨ અઠવાડીયાની રજા આપવામાં આવશે. તે ઉપરાંત સરોગેટ મધર્સને ૧૨ અઠવાડીયાની રજા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ બીલની સાથે કારખાના ઠરાવને પણ મંજુરી આપવામાં આવી છે. અત્યાર સુધી ૫૦થી વધારે કર્મચારીઓ ધરાવતા કારખાના કે સંસ્થામાં મહિલા કર્મચારીઓના સંતાનો માટે ક્રેચની વ્યવસ્થા કરવાની જોગવાઈને માન્યતા આપવામાં આવી હતી. નવા નિયમ પ્રમાણે ૧૦ કર્મચારીઓ કરતાં વધારે સ્ટાફ ધરાવતી સંસ્થાને આ નિયમ લાગુ પડશે. આ ઉપરાંત તેમાં ઓવરટાઈમ કરનારા લોકો માટે કામના કલાકો ઘટાડવાની જોગવાઈ કરવામાં આવી છે.

## ગુજરાત રાજ્યના ૧૬માં મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણીની તાજપોશી

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતનું રાજકારણ ગરમાગરમ તો હતું.પાટીદાર આંદોલન અને ત્યારબાદ દલિત અત્યાચારના મુદ્દે સરકાર ઘેરાયેલી હતી.આ મુદ્દાઓને લઈને ભાજપની આકરી કસોટી થઈ રહી હતી.તેવામાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલનો તાજ છીનવાઈ ગયો. ત્યારબાદ રાજ્યના ૧૬માં મુખ્યમંત્રી પદે વિજય રુપાણીનો અભિષેક કરાયો.આમ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં આવનારી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને આ ફેરફાર કરાયો હોવાનું કહેવાઈ રહ્યુ છે.

જોકે નવા પ્રધાનમંડળમાં ભાજપની નેતાગીરીએ રાજકીય સુઝબુઝનો ઉપયોગ કરીને સામાજિક,રાજકીય અને જ્ઞાતિગત ગણતરીઓને ધ્યાનમાં લઈને કેટલાક પ્રધાનોને પડતા મુક્યા અને કેટલાક નવા ચહેરાઓને સમાવી લીધા.

રાજ્યમાં પાટીદાર,દલિત અને ઓબીસી-ઠાકોર સમાજના સમાજિક આંદોલનો ભાજપ માટે પડકારરુપ છે અને તેને ધ્યાનમાં લઈને રુપાણીની કેબિનેટમાં આઠ પાટીદારોને સમાવાયા છે.તો બે ઠાકોર સમાજના પ્રતિનિધિઓ મળીને કુલ સાત ઓબીસી ,એક અનુસુચિત જનજાતિના પ્રતિનિધિને સ્થાન આપવામાં આવ્યુ છે.આમ, લગભગ ૩૩માંથી ૨૫ જિલ્લાઓને અલગ અલગ રીતે મંત્રીમંડળમાં પ્રતિનિધિત્વ મળ્યું છે.

નવા કેટલાક બાકી રહી ગયેલા ચહેરાઓને સંસદીય સચિવ તરીકે સ્થાન આપવામાં આવ્યુ છે તેથી તેમને મંત્રી જેવો દબદબો મળે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશમાં કેન્દ્ર સરકારના નેતાઓ,તેમની સાથે સંકળાયેલ નેતાઓ,સાધુ સંતો વિગેરે જુદા જુદા નિવેદનો કરીને સામાજિક ઉથલપાથલ કરી દે છે.આ બધાની પાછળનો ઉદ્દેશ તો એકમાત્ર જ હોઇ શકે અને તે મત અંકે કરવા. આ દેશની જનતા આઝાદી આવ્યા પછી અનેકોવાર છેતરાઇ છે.રાજકીય પક્ષો અને નેતાઓને આ છેતરપીડીની રમત અનુકુળ આવી ગઇ છે.ચુટણીમાં પક્ષો દ્વારા ચુંટણી મેનીફીસ્ટોમાં અપાતાં વચનો ઠાલા પુરવાર થાય છે.ચુટણી પતી ગયા પછી તો આ મેનીફિસ્ટો તરફ કોઇ નજર સુધા કરતું નથી. આ વખતની લોકસભાની ચુંટણીમાં મોદીજી એ આપેલા બે વચનો પીંક રિવોલ્યુએશન અને દરેક નાગરિકના ખાતામાં કાળા નાણાંમાથી પરત આવેલામાંથી ૧૫ લાખ આપવાની વાતો.હવામાં ગુબ્બારાની માફક ફુટી ગઇ.

હવે ગૌરક્ષકો જે વ્હાલા હતા તે અસામાજીક તત્વો લાગવા માંડ્યા.હિંદુ પ્રજાને મંદિર અને ગાય આ બે મુદ્દે લાગણીના પ્રવાહમાં ખેચવા આ તત્વો કુશળ સાબિત થયા.હવે આરએસએસના વડાએ હિંદુઓની કુટુંબ વ્યવસ્થામાં ફેરફાર કરવાની તજવીજ અજમાવી.હિંદુઓને વધુ બાળકો પેદા કરવાનું કહેવું.અન્ય કોમના પુરુષો એકથી વધુ લગ્નો કરે છે અને પછી સંતાનોની લંગાર લગાવી દે છે.તેને કારણે હિંદુ વસ્તી ઉપર જોખમ વધ્યું છે.જેથી હિંદુ ધર્મને બચાવી લેવો હોય તો આ પ્રકારની થીયરી મજબુત રીતે કામ કરી શકે.સારુ છે કે દેશના તમામ હિંદુઓએ સંઘને પોતાના પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યો નથી કે તેઓ હિંદુઓના સર્વોપરી નથી.આવા નિવેદનો કરવાથી તેમને એવી લાગણી થતી હશે કે તેમણે હિંદુ સમાજનું ભલુ કરી નાંખ્યુ.જો દેશમાં વસ્તી વધારો વિકાસમાં સહુ નડતો વિશાળ પ્રશ્ન છે.શિક્ષણ,રોજગારી વિગેરે કપરા પ્રશ્નો સતાવે છે. મધ્યમવર્ગી કે ગરીબ કુટુંબો બેથી વધુ સંતાનો પેદા કરવા માંગતા નથી કારણકે તેમને તે આર્થિક રીતે પોષાતું નથી.

જો કે વસ્તી ગણતરીના આંકડાઓ પર દષ્ટિ કરીએ તો લઘુમતીઓની ઓછી વસ્તીમાં થોડોક વધારો વધુ પડતો લાગે છે જ્યારે ૮૫ ટકા હિંદુઓની વસ્તીમાં થયેલા વધારો ટકાવારીના પ્રમાણે ઓછો લાગે છે.બહુ પત્નીત્વ હોવાથી વધુ બાળકો પેદા થઇ જાય તેવી ધારણાઓ ઉપર ચાલવું એ મનગડત વાતો છે.લઘુમતીઓ તરફના તિરસ્કારને કારણે બીજી અનેક બાબતોને એવી રીતે રજુ કરવામાં આવે છે કે તેઓ દેશના દુશ્મનો છે અને ખાસ કરીને બહુમતીના.

જો કે આ દેશમાં જેમણે શ્રમ કરીને યોગદાન આપવું જોઇએ તેઓ દેવસ્થાનોની આસપાસ બેસીને ચલમો ફુંકતા દાનની રાહમાં બેસી રહે છે.અને કેટલાક સંગઠનો જેમાં લગ્ન કરવાની મનાઇ છે તેઓ માત્ર નિવેદનોથી જ પેટ ભરે છે. ખરેખર સંઘે આવા તમામ લોકોને પરણાવી વસ્તી વધારવાનો કિમીયો આપવા જેવો છે જેથી આવા લોકો કુટુંબ અને બાળકોના નિભાવ માટે શ્રમ પણ કરશે અને દેશનો જીડીપી વધારવામાં મોટુ યોગદાન આપશે.પરંતુ નિવેદનો કરનારા લોકો સત્ય સ્વીકારવા તૈયાર હોતા નથી.

વિશ્વની સૌથી લાંબી બસ અમેરીકામાં આવેલી છે.તેની લંબાઇ ૭૬ ફુટ છે.૧૧ટન વજન ધરાવતી આ બસમાં ૧૨૧ મુસાફરો બેસી શકે છે.

ઇન્ટરનેટનો સૌથી વધુ વપરાશ સ્વીડનમાં થાય છે. ટકાવારીની દ્રષ્ટીએ ૭૫ વપરાશકારો સાથે તે પ્રથમ નંબરે છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૭૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકર માત્ર દલિતોના નેતા નહી પરંતુ સમગ્ર દેશના નેતા હતા

બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિએ માત્ર તેમને યાદ કરીને ઉજવણી કરાય તેના કરતાં લોકશાહી મુળભુત આધારસ્તંભ ગણાતા બંધારણના મહાન ઘડવૈયા તરીકે તેમનું નામ લેવાય તે જરુરી છે.તેઓ પ્રજાતંત્રના સેનાની હતા.તેઓ પ્રજાના હૃદયમાં હતા કે તેમની પાછળ મોટો સમુદાય હતો તેથી તેમનુ નામ વધુ સંભળાય છે. આજકાલ તેમની જન્મ જયંતિ ઉજવાઇ રહી છે તેની પાછળ માત્ર રાજકીય કુનેહનું કારણ છે. આ નામ દ્વારા તેમની જ્ઞાતિ સમુદાયના વધુ મતનો તેમની તરફેણમા કરી શકાય તેવી વિચાર સરણીમાં રાચનારા તેમને એનકેશ કરવામાં પડ્યા છે.

ખરેખર દેશના બંધારણ મુજબ અનુસુચિત જાતિ અને જનજાતિઓને અનામત મળી. આ બંધારણસભામાં ડો.આંબેડકર ઉપરાંત ઘણીબધી જ્ઞાતિઓના નેતા હતા. અને સૌની ઇચ્છાથી દલિતો,ને આદિવાસીઓના વ્યાપક હિતાં બંધારણે અનામતો સ્વીકારી હતી.છતાંય આજેય બિનઅનામત જ્ઞાતિ સમુદાયોની નારાજગીનો ભોગ માત્ર આંબેડકર જ ને બનવું પડે છે.આઝાદી પછી આ બે વર્ગોને વિકાસના મીઠા ફળ ચાખવા મળે તે માટે બંધારણમાં જોગવાઇ થાય તે હેતુસર ડો.આંબેડકર કોંગ્રેસમાં ના હોવા છતાં ગાંધી-સરદારના આગ્રહથી અને કેટલાકની નારાજગી અને નાપસંદગી વચ્ચે ડો.આંબેડકરને બંધારણસભામાં સ્થાન આપીને તેની અતિ મહત્વની મુસદા સમિતિનું



અધ્યક્ષપદ સોંપવામાં આવ્યું.વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ માટે બંધારણ ઘડવામાં જેમની સૌથી મહત્વપુર્ણ ભુમિકા હતી તે ડો.બાબાસાહેબ આંબેડકર કોંગ્રેસમાં ન હતા એટલે બંધારણ મુજબ રચાયેલી પ્રથમ સંસદની ચુંટણીમાં તેમની હાર કોંગ્રેસના સામાન્ય ઉમેદવાર સામે થઇ હતી.તેને દેશનું દુર્ભાગ્ય કહેવાયું હતું.પરંતુ ૧૯૪૭ના પહેલા મંત્રીમંડળનામ કોંગ્રેસી ન હોવા છતાં તેમને કાનુનીમંત્રી તરીકે સ્થાન મળ્યું તે દેશનું સદભાગ્ય હતું.તેમણે હિંદુ કોડ બિલ પસાર ન થવાને કારણે કાનુન મંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું.

ડો.બાબાસાહેબ આંબેડકરને માત્ર દલિતોના નેતા કહેવા એ તેમના બહુમુખી વ્યક્તિત્વને ભારે અન્યાય કરવા સમાન છે.બાબાસાહેબને માત્ર સમાનતા સેનાની કહેવા તે લેશમાત્ર યોગ્ય નથી. હા, તેમના જીવનનું ધ્યેય અને મુખ્ય જીવનકાર્ય એ જરુર હતું કેમકે તેમને માત્ર સમાનતા અને બંધુભાવ વિનાની સ્વતંત્રતાનો કોઇ અર્થ નહોતો એટલે જ ગાંધી પણ આઝાદીની સાથે આબાદી ઇચ્છતા હતા.દેશની બંધારણસભામાં ડો.આંબેડકરનું અંતિમ પ્રવચન તેમને માત્ર બંધારણ જ નહીં પણ પ્રજાતંત્રના ઘડવૈયા બનાવે છે.આપ્રવચનમાં તેમણે બંધારણ ઘડવામાં લાગેલા સમયથી લઇને તેને લગતી આલોચનાઓનો તર્કબધ્ધ રીતે હકીકતો અને ઉદાહરણો સાથે છતાં અત્યંત નમ્રતાથી વિવેકપુર્ણ જવાબ આપ્યો છે અને બંધારણ ઘડતરનું શ્રેય પોતે લેવાને બદલે મોટાથી માંડીને નાનામાં નાના અધિકારીઓ અને સાથીઓનો ઉલ્લેખ કરીને તે સૌનો આભાર માન્યો હતો.તેમણે કહ્યું કે બંધારણે જનતાને બંધારણમાં સંશોધન કરવાનો અધિકાર આપ્યો છે.બંધારણ સભાએ બંધારણ અંગે અંતિમ અપરિવર્તનશીલતાની મહોર મારી નથી.એટલું જ નહીં. પણ સંશોધનની સુવિધાજનક જોગવાઇ ભાવી પેઢી માટે રાખી છે.

જો કે બાબા સાહેબના આ વિચારોનો દુરપયોગ કરવા માટે કેટલાક રાજકીય પરિબળોએ પ્રયત્ન શરુ કર્યા.હવે આ પરિબળો લોકતાંત્રિક સંસ્થાઓને જ મટાડવા માંગે છે.ત્યારે પ્રજાએ જાગૃત બનવાની જરુરીયાત છે તેજ સાચી અંજલિ ડો.બાબાસાહેબને આપી ગણાશે.

મણીભાઇ પટેલ (સૌ.સંદેશ)

# સરકારી ગૌશાળામાં ગાયો ભુખમરાથી મરી ગઇ

દેશમાં ચારેબાજુ ગૌમાતાના નામે કેટલાક ભાજપ તરફી ગણાતા તત્વો કેર વર્તાવી રહ્યા છે.ગાયમાતાના નામે ચરી ખાનારા આ તત્વોને ખબર છે કે નહી પરંતુ છત્તીસગઢમાં જ્યાં ભાજપની જ સરકાર છે ત્યાંનો સરકારી ગૌશાળામાં ભુખમરાથી ગાયોના મોત નિપજ્યા છે તેવો કિસ્સો બહાર આવ્યો છે. જો કે તાજેતરમાં વડાપ્રધાને કહેવાતા ગૌરક્ષકોને શીખ આપેલી કે દેશમાં પ્લાસ્ટીક ખાવાથી ગાયોના મોત નિપજે છે તેથી ગાયોને પ્લાસ્ટીક ખાવાથી બચાવશો તો પણ ગૌમાતાની સેવા કરી ગણાશે.

ભાજપ સરકારમાં બેઠેલા લોકોની ગૌરક્ષા પ્રત્યેની ઉદાશીનતા નવાઇ નથી માત્ર વોટ મેળવવા માટે આ કાર્ડ ખેલવામાં આવે છે.છત્તીસગઢમાં ભુખમરાને કારણે ૨૨ ગાયોના મોત નિપજ્યા છે. આ ઘટના બાદ હોબાળો થતાં રાજ્યની ભાજપ સરકાર જાગી અને ઘટનાની તપાસના હુકમો છોડાયા હતા.તેમજ રાજ્યની તમામ ગૌશાળાઓમા સાપ્તાહિક ચકાસણીનો આદેશ અપાયો હતો.સરકારે કહ્યુ હતું કે બેદરકારી દાખવનારની સામે સખ્ત પગલાં ભરવામાં આવશે.જો કે રાજ્યના પુર્વ મુખ્યમંત્રી અજિત જોગીએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ત્રણથી ચાર મહિનામાં સરકારી સહાય ધરાવતા ગૌશાળામાં ૨૦૦થી વધુ ગાયો મરી ગઇ છે.અને આ મામલે ઢાંકપીછોડો કરવામાં આવી રહ્યો છે.તેમણે આ ઘટનાની તપાસ કરવા માટે ઉચ્ચસ્તરીય કમિટીની માંગણી કરી હતી.રાજ્યના અનેક ગૌશાળામાં તેમની ક્ષમતા કરતાં વધુ ગાયો રાખવામાં આવતી હતી તેવું જણાવાયું હતું. જો કે અન્ય ભાજપ શાસિત રાજ્યોમાં પણ આ પ્રકારની ઘટનાઓ ઘડી છે.પરંતુ હવે તેની ઉપર ઢાંક પીછોડો કરવામાં આવી રહ્યો છે.

આફ્રિકામાં માત્ર ૩ ટકા લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે.

વિષુવવૃતીય પ્રદેશોમાં એકમાત્ર ટાન્ઝાનીયામાં જ આવેલા કિલીમાન્જરો પર્વત પર જ બારેમાસ બરફની ચાદર પથરાયેલી હોય છે.

સુર્યના કિરણો સુર્યની સપાટી કરતાં પાંચ ગણી વધારે ગરમી ધરાવે છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મત મુજબ ગાય બોજ નથી પરંતુ સંપત્તિ છે

વડાપ્રધાન તેલંગાણામાં અનેક વિકાસલક્ષી પ્રોજેકટનું ઉદ્‌ઘાટન કરીને ગજવેલ ખાતે એક જાહેરસભાને સંબોધતાં કહ્યુ હતું કે નકલી ગૌરક્ષકોનો પર્દાફાશ કરવો જોઇએ અને તેમને આકરી સજા થવી જોઇએ.તેમણે કહ્યુ કે નકલી ગૌરક્ષકો સમાજમાં તણાવ ઉભો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.કહેવાતા ગૌરક્ષકો અંગે ગુસ્સો ઠાલવ્યા બાદ તેમણે કહ્યુ હતું કેગાય એ સંપત્તિ છે બોજ નથી અને બોજ હોઇ પણ ન શકે.ગાયનું મુત્ર અને છાણ કૃષિ ક્ષેત્રે ઉપયોગી છે. ગાયને દેશના આર્થિક વિકાસ સાથે જોડવી જોઇએ.

જો કે તેમના નિવેદનો અંગે તેમની સાથે જોડાયેલ સંગઠનોએ તીખી પ્રતિક્રિયા આપી હતી.અને ચુંટણી ટાણે આપેલ વચનમાંથી ફરી ગયેલા જણાવ્યા હતા.

# ગૌમાંસ,ગૌરક્ષા,ગૌરક્ષકો અને ગાયના ફાયદાઓના લખાણોની વણઝાર જામી છે

ગૌમાંસ અને ગોરક્ષાનો વિવાદ ચાલી રહ્યો છે.ત્યારે આરએસએસના એક નેતાએ કહ્યુ છે કે તમારા મોબાઈલ પાછળ ગાયનું છાણ લગાવવામાં આવે તો તેના રેડીયેશનથી બચી શકાય છે.એટલું જ નહી આરએસએસના આ સમર્થક શંકરલાલે એવો દાવો કર્યો હતો કે જો સગર્ભા મહિલા ગાયના છાણ અને મુત્રની પેસ્ટ બનાવીને ખાય તો તેને નોર્મલ પ્રસુતિ થઇ શકે છે.આરએસએસના અખિલ ભારતીય ગૌ સેવા લીડર શંકરલાલે કહ્યુ હતું કે તેમારે તમારા મોબાઈલ ફોનના રેડીયેશનથી બચવું હોય તો ફોનની પાછળની બાજુએ ગાયનું છાણ લગાવો.શંકરલાલે પોતાના મોબાઈલ ફોનની પાછળ ગાયનું છાણ લગાવી પણ રાખ્યુ છે.તેમણે એક ઈન્ટરવ્યુમાં આ વાત કરી હતી.

તેમણે કહ્યુ હતું કે મારો વિશ્વાસ કરો, મોબાઈલ પાછળ ગાયનું છાણ લગાવવાથી આ લાભ થાય છે.તેમણે કહ્યુ હતું કે ગાયનું છાણ જો કેન્સરનો ઈલાજ કરી શકતું હોય તો તે ફોનના માઈક્રોવેવ્ઝથી આપણને કેમ ન બચાવે ?

# ભાજપના રાજમાં માંસની નિકાસ ૨૭ હજાર કરોડથી વધીને ૩૨ હજાર કરોડ પર પહોચી : શંકરસિંહ વાઘેલા

કેન્દ્રમાં જયારે યુપીએની સરકાર હતી ત્યારે હાલના વડાપ્રધાન મોદી પિંક રીવોલ્યુશનના નામે યુપીએ સરકારની ઝાટકણી કરતા હતા.પરંતુ મોદી શાસનમાં દેશની માંસની નિકાસ ૨૭ હજાર કરોડથી વધીને ૩૨ હજાર કરોડ પર પહોચી ગઈ છે. આજે દેશ હરિત-શ્વેત ક્રાંતિને પાછળ ધકેલીને ગુલાબી ક્રાંતિમાં નંબર વન થઇ ગયો હોવાનું વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ.

વિરોધપક્ષના નેતાએ ભાજપ-મોદી સરકારના વલણને હાથીના દાંત ચાવવાના અને બતાવવાના જુદા જેવા ગણાવી આકરી ઝાટકણી કાઢતા કહ્યુ હતું કે ભાજપ માટે ગાય,દલિત અને મંદિર મતો મેળવવાના માત્ર સાધન છે.દેશમાં પુર્વોત્તરના કેટલાક રાજ્યો સિવાય તમામ રાજ્યોમાં ગૌહત્યા પર પ્રતિબંધ છે.છતાં માંસની નિકાસ ૨૦૧૩-૧૪માં ૧૦.૫૬ લાખ મે.ટન વધીને ૧૫.૯૧ મે. ટન કેમ પહોચી? તેવો સવાલ ઉઠાવતાં તેમણે કહ્યુ હતું કે ઉત્તર પ્રદેશ અને પંજાબમાં ચુંટણી આવી રહી હોવાથી વડાપ્રધાન મર્યાદા બહારનો વાણી વિલાસ કરી રહ્યા છે.

કોગ્રેસના સત્તાકાળ વખતે માંસની નિકાસથી મારા કાળજામાં કકડા થઇ જાય છે તેવુ કહેનારા મોદીએ તેમના શાસનમાં કેટલા કતલખાના બંધ કરાવ્યા ? કતલખાનાને આધુનિક બનાવવા કેમ સહાય અપાય છે?તેમના માટે ગાય માતા હોય તો રોડ પર કેમ રખડે છે ? જેવા સવાલો ઉઠાવતાં કહ્યુ કે ગાયો જીવે કે મરે,તેનાથી તેમને કોઈ મતલબ નથી. તેમને તો માત્ર મતોના ધ્રુવીકરણમાં જ રસ છે.વિરોધપક્ષના નેતાએ વડાપ્રધાનના ગોળી મારી દેવાનું નિવેદનને દંભ ગણાવતા કહયું કે આવા ઉચ્ચારણો વડાપ્રધાનને શોભતા નથી.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the HOLY LAND

WELCOME TO ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**

**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May '16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**

C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૯૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦

E.mail ID : prarthgohil@gmail.com

* * * * * * * * * * * *


# જાલી નોટ બાબતે બેન્કો પુછપરછ કરશે કે આ નોટો ક્યાંથી આવી ?

તમે બેન્કમાં નાણાં ભરવા માટે ગયા હો અને તમારી પાસેથી જાલી નોટ નિકળે તો બેન્કના કેશિયર તેમને સવાલ પુછશે કે આ નોટો ક્યાંથી આવી ? આવો સવાલ સાંભળીને ચોકશો નહીં.બેન્કોમાં જાલી નોટો પકડવા માટે હાલમાં આધુનિક મશીનો ગોઠવવામાં આવ્યા છે જેમાં કેશિયર પાસે આવતી નોટોના કાઉન્ટીગ સાથે ફેક કરન્સીનું પણ ચેકીંગ થઇ જાય છે.કોઇ કિસ્સામાં બે કે ત્રણ નોટો જાલી નીકળે તો ગ્રાહકે ગભરાવાની જરુર નથી.કારણકે જોગાનુજોગ જ તમારી પાસે આવેલી જાલી નોટ અંગે જાણકારી આપવામાં આવે તો દેશના અર્થતંત્રને નુકશાન પહોચાડે તેવા આ રુટ બંધ કરવાનો જ બેન્કો અને પોલીસનો હેતુ હોય છે.શરત એ છે કે જાલીનોટ ફરતી કરી કમાણી કરવાનો હેતુ ન હોવો જોઇએ.

દેશના અર્થતંત્રને નુકશાન પહોચાડવા માટે પાડોશી દેશ પાકિસ્તાન તરફથી આર્થિક યુધ્ધ છેડાયું છે.તેથી તેઓ જાલી નોટો ફરતી કરે છે. અડધી કિંમતે એટલે ૧ લાખના બદલે પચાસ હજારમાં જાલીનોટ મળે છે.જો કોઇ ગ્રાહક અવારનવાર જાલી નોટ જમા કરાયાનું જણાય તો તેની તપાસ શરુ થઇ શકે છે.અજાણતા આવેલી નોટ માટે પરેશાની સર્જાતી નથી.

જો કે દેશમાં જાલી નોટોનું કામ ખુબજ વધી ગયું છે. સામાન્ય લોકોને ખોટી નોટો ઓળખવી આસાન નથી.બેન્કોમાંથી પણ મેળવાયેલ નોટો ઘણી વખત ખોટી નીકળે છે.એટીએમમાંથી ખોટી નોટો નિકળવાના દાખલાઓ છે.

## મંતવ્ય

છેલ્લા કેટલાક સમયથી મોદી સરકારને તેના જ લોકો દ્વારા ભાંડવાના કાર્યક્રમો ચાલુ થઇ ગયા છે. મોદી સરકારના અચ્છે દિનની મજાક ઉડાડવામાં આવી રહી છે તેમાં ભારતીય જનતા પાર્ટીના કેટલાક સીનીયર નેતાઓનો સમાવેશ થાય છે. લોકસભાની ચુંટણીઓમાં પ્રજાએ જે રીતે મોદીને મત આપ્યા તે પાછળ પ્રજાને એવી આશા હતી કે મોંઘવારી ઘટશે અને તેમનું જીવનધોરણ બદલાશે.પરંતુ તેનાથી ઉલ્ટી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.ઈન્ટરનેશનલ લેવલે ક્રુડ ઓઈલના ભાવ ઘટ્યા તેનો સીધો લાભ ભારતના ગ્રાહકોને મળ્યો નથી ઉપરથી સરકારે પેટ્રોલ અને ડીઝલ પર આકરો એકસસાઈઝનો બોજો લાદી લીધો છે. નાણાં મંત્રીએ લોકોને સવલતો કે સુવિધા, કે મોંઘવારી ઘટાડવાની વાતો કરીને બહેલાવ્યા છે અને લોકોના ખીસ્સા હળવા કરવા માટે યેનકેન પ્રકારે કર વસુલી લેવાનો દાવ ખેલ્યો છે. જેના પરિણામે લોકોમાં જે ઉત્સાહ હતો તે ઓસરી જવા લાગ્યો છે.લોકોને હવે લાગવા માંડેયું છે કે આના કરતાં તો પેલા સારા હતા જે વિરોધોને ધ્યાનમાં રાખીને સામાન્ય જનતાનું ધ્યાન તો રાખતા હતા. આ તો માત્ર ધનિકોના હિતમાં કામ કરતી સરકાર છે અને વડાપ્રધાનને તો દુનિયા ફરી લેવાના અભરખા છે. દેશમાં નાણાંની તંગી છે અને પરદેશમાં દાન કરતા ફરે છે.પોતાની ઈમેજ બતાવવા માટે જાત જાતના નુસખા કરી રહેલ વડાપ્રધાને લોકોના મનમાંથી પોતાની વિકાસ પુરુષ તરીકેની છબી પોતે જ ખરાબ કરી છે તેવું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે.

હવે વડાપ્રધાનની તરફેણમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉતરી આવ્યું છે તેને હવે લાગવા માંડ્યું છે કે બાજી હાથમાં સરકી રહી છે.માંડ માંડ સસ્તાના સુત્રો હાથમાં આવી ગયા હતા તે આપણા જલોકોના હાથે વિખેરાઇ જશે તેવી દહેશત લાગવા માંડી છે. તેથી સંઘે તેમના સહયોગીઓ,સંસ્થાઓને ચેતવણી આપી છે કે મોદી સરકારની આર્થિક સુધારાની કામગીરીમાં તેઓ રોડાં ન નાંખે.સંઘના જોઇન્ટ સેક્રેટરી દત્તાત્રેય હોસબોલેએ ચેતવણી ઉચ્ચારી છે કે સાથી અને સહયોગી સંસ્થાઓએ ભાજપ સરકારની કામગીરીમાં અવરોધો સર્જવા જોઇએ નહીં.ભારતીય મઝદુર સંઘની બેઠકમાં આ ચેતવણી આપવામાં આવી હતી.

ભારતીય મઝદુર સંઘ અને ભારતીય કિસાન સંઘ દ્વારા સરકારની આર્થિક નીતીઓની અને શ્રમ કાયદામાં સુધારાનો વિરોધ કરવામાં આવ્યો હતો.આ પછી અન્ય કામદાર સંઘો દ્વારા કાયદામાં સુધારાના વિરોધમાં ૨૬મેના રોજ દેશવ્યાપી આંદોલનમાં ભારતીય મઝદુર સંઘ જોડાવાનો છે ત્યારે હોસબોલેની ચેતવણી ઘણુ મહત્વ ધરાવે છે. સરકાર અને તેમના સાથીઓ દ્વારા હવે નવી તરકીબ અપનાવાઇ રહી છે.

પ્રજા મોંઘવારીના ચક્કરમાં પીસાઇ રહી છે ત્યારે અન્ય દેશોના લોકોની ચિંતા કરીને લોકોનું ધ્યાન અન્યત્ર કેન્દ્રીત કરવાનો પ્રયાસ વડાપ્રધાન કરી રહ્યા છે.દેશમાં તેમના જ પક્ષના કાર્યકરો દ્વારા દલિતો અને અન્ય લઘુમતીઓ પર થતા હિંસક હુમલાઓ અને કાયદાની ઐસી તૈસી કરનાર સામે માત્ર બળાપો કાઢીને ગુનેગારોને છુટો દોર આપી દેવાની માહીરતા આ નેતાઓમાં જ છે.તેવું દેખાઇ આવે છે.ઊનામાં દલિતોના થયેલા અત્યાચારી હુમલાઓ તો દેશમા અનેક જગ્યાઓ પર થઇ રહ્યા છે.પરંતુ હજુ સુધી તેમની સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવી નથી.તેના કારણે આ પ્રકારની કામગીરી કરનારા લોકોનો ઉત્સાહ બેવડાઇ ગયો છે. તેમને ખુલ્લુ મોકળું મેદાન મળી ગયું છે.સરકારી અને મ્યુ.ના દફતરોમાં ભારે ભ્રષ્ટાચારને કારણે પ્રજાજનો ચુંથાઈ રહ્યા છે.અને હવે દેશની પ્રજાનો ઘાટ રોમ ભડકે બળતું હતું અને નીરો ફીડલ વગાડતો હતો તેવો થયો છે.પ્રજા હવે પસ્તાઇ છે પરંતુ અબ પસ્તાવે કયા હોવત હૈ.

શૈલેષભાઇ કે. પરમાર


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344, (R)0091-2692-260332

# શહેરી વિકાસ વિભાગના પરિપત્ર મુજબ ઇમારતોનો વીમો લીધો હોય તો જ બીયુ પરમીશન મળી શકશે

અમદાવાદ શહેર સહિત અન્ય શહેરોમાં રહેણાંક અને કોમર્શીયલ ઇમારતોને બીયુ પરમિશન આપવાના મુદ્દે મહત્વનો પરિપત્ર કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે, ઔડા, એએમસી સહિત અન્ય કોર્પોરેશનને ઉદ્દેશીને એક પરિપત્ર કર્યો છે.જેમાં હવે નવી ઇમારતોને બીયુ પરમીશન પહેલા વીમો લેવો ફરજીયાત કરી દેવાયો છે.હવે ઇમારતોએ બીયુ પરમિશન માંગતા પહેલા વીમો લીધેલો છે તેવા પુરાવાઓ મુકવા પડશે તોજ બીયુ પરમિશન આપવામાં આવશે.શહેરી વિકાસ વિભાગે પરિપત્ર કરીને સાત માળ સુધીની ઇમારતોને પાંચ વર્ષનો અને સાત માળથી વધુ ઉંચાઇની ઇમારતોને ૧૦ વર્ષનો વીમો ઉતારવાની સુચના આપી છે.

જો વીમો ન ઉતરાવેલો હોય તો તેવી ઇમારતોને બીયુ પરમીશન નહી આપવા માટે સુચના આપવામાં આવી છે. જો કે ઔડાના સત્તાવાર સુત્રો એવુ જણાવે છે કે શહેરી વિકાસ વિભાગે સુચના આપી છે પણ ફરજીયાત અમલ કરવો કે નહી તેની સ્પષ્ટતા કરી નથી એટલે અભ્યાસ કર્યા બાદ બોર્ડમાં ઠરાવા પસાર કર્યા બાદ તેનો અમલ શરુ કરવો કે નહી તે અંગેની કાર્યવાહી કરાશે.

શહેરમાં દર મહિને ૪૦ થી ૫૦ ઇમારતોને બીયુ અપાય છે.જ્યારે ઔડા વિસ્તારમાં માસિક ૫ થી ૧૦ ઇમારતોને બીયુ પરમિશન અપાય છે.હવે શહેરી વિકાસ વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે જેમાં મ્યુની હદ અને ઔડાની હદમાં આવતાં વિસ્તારોમાં નવી ઇમારતોનો વીમો લેવો ફરજીયાત કરી દીધો છે

આ અંગે મ્યુની.ના ટીડીઓ રાજેશ પટેલે જણાવ્યુ હતું કે શહેરી વિકાસ વિભાગે ઇમારતોનો વીમો લેવા અંગે પરિપત્ર કર્યો છે પણ તેનો અભ્યાસ કર્યો નથી.એટલે ખરેખર અભ્યાસ કર્યા બાદ ખરેખર શું પરિપત્ર કર્યો છે તે કહી શકાય

# વડાપ્રધાન મોદીએ ગૌરક્ષોના મામલે આપેલા નિવેદનથી વિશ્વ હિંદુ પરિષદ નારાજ, સંઘે સમર્થન આપ્યું

ગૌરક્ષાના મામલે વડાપ્રધાન મોદીએ આપેલા નિવેદનોને પગલે કેટલાક હિંદુ સંગઠનો નારાજ થયા છે.વિશ્વ હિંદુ પરિષદના એક નેતાએ જણાવ્યુ હતું કે ઉત્તર પ્રદેશની ચુંટણીને ધ્યાને રાખી આપવામાં આવેલું આ નિવેદન છે.તેમણે ચેતવણી આપી હતી કે વર્ષ ૨૦૧૯માં મોદી હિંદુઓના મત ખોઇ શકે છે.અલીગઢમાં અખિલ ભારતીય હિંદુ મહાસભાના સભ્યોએ મોદીના પોસ્ટરને દુધ પિવડાવતા કહયું કે મોદીએ લોકોને છેતર્યા છે.

વિહિપ ઉપાધ્યક્ષ(વ્રજ) સુનીલ પરાશરે કહ્યુ કે મોદીજીને તેમના નિવેદન બદલ જનતા માફ નહીં કરે. વર્ષ ૨૦૧૯માં ભાજપ માટે સત્તા વાપસી મુશ્કેલ બનશે.વડાપ્રધાને ગૌરક્ષકોની લાગણીને ઠેસ પહોચાડી છે.લોકસભાની ચુંટણીમાં તેની કિંમત ચુકવવી પડશે.

બીજી તરફ હિંદુ મહાસભાના પ્રમુખ(અલીગઢ) પુજા સુકન પાંડેએ કહ્યુ હતું કે મોદીને ગૌરક્ષાના નામે દુકાન ચલાવનારાનાં નામ કહેવા જોઇએ. તેમણે મત મેળવવા ગૌરક્ષાને નામે લોકોને લોભાવવા પ્રયાસ કર્યા હતા. તેમણે લોકોને છેતર્યા છે.ગૌરક્ષા સબંધે મોદીએ આપેલી ટિપ્પણીને સંઘનું સમર્થન મળ્યુ છે.આરએસએસના સહકાર્યવાહ ભૈયાજી જોશીએ કહ્યુ કે ગૌરક્ષાને નામે હિંસા ફેલાવનારા અને સામાજિક સદ્ભાવને બગાડનારા અસામાજિક તત્વોનો ભાંડાફોડ થવો જોઇએ.તેમણે કહ્યુ કે સમાજના કેટલાક અસામાજિક તત્વો ગૌરક્ષાના નામે કાયદો પોતાના હાથમાં લઇને હિંસા ફેલાવે છે. તેમણે એમ પણ કહ્યુ કે ગૌરક્ષાના પવિત્ર કામને મુઠ્ઠીભર લોકના નિંદનીય કામ સાથે ના જોડો.

બનાવટી ગૌરક્ષકો પર ત્રાટકતાં પતિયાલા પોલીસે ગૌરક્ષકદળના વડા સતિષકુમાર સામે એફઆઇઆર દાખલ કરી હતી. સોસ્યલ મીડીયા પર તરતા મુકાયેલા એક વીડીયોને આધારે આ પગલું લેવાયું હતું.તે વીડીયોમાં સંગઠનના સભ્યો લોકોને ક્રુરતાપુર્વક મારતા હોવાનું જોવા મળતું હતું.પતિયાળા એસપી ગુરમિત ચૌહાણે આ અહેવાલોને સમર્થન આપ્યુ હતું.જો કે સતિષકુમારની ધરપકડ થવી હજી બાકી છે.એક દિવસ પહેલાં જ વડાપ્રધાને બનાવટી ગૌરક્ષકોને ચેતવણી આપી હતી

જો કે મધ્યપ્રદેશના અખિલેશાનંદ ગીરીએ ત્રીજુ વિશ્વયુધ્ધ ગાયના મુદ્દે લડાશે તેવુ કહ્યુ હતું.તેઓ ગૌપાલન પશુસંવર્ધન બોર્ડના અધ્યક્ષ થનાર પહેલા સન્યાસી છે.

# બે વર્ષમાં મોટી સંખ્યામાં ફુટી નિકળેલા ગૌરક્ષકો બાબતે શિવસેના વડાપ્રધાનની વાતમાં ટેકાનો સુર આલાપ્યો

તાજેતરમાં વડાપ્રધાન મોદીએ નવી દિલ્હીમાં યોજાયેલ એક કાર્યક્રમમાં ગૌરક્ષાના પ્રશ્ને પોતાના મનની વાત કહી. તેમણે બની બેઠેલા ગૌરક્ષકોનો જે રીતે ઉઘડો લીધો તેને શિવસેનાએ આવકાર્યો છે. સેનાએ પોતાના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં જણાવ્યુ છે કે ગૌમાંસ અને ગોરક્ષાના પ્રશ્ને દેશના કેટલાક ભાગોમાં તંગદિલી ઉભી થઇ છે અને હિંસા પણ થઇ છે.

તેને લીધે વિશ્વમાં આપણા દેશની આબરુને ઘસારો લાગ્યો છે.તેમણે લોકો સાથે સીધો સંવાદ સાધતા કહ્યુ હતું કે ગૌરક્ષાના નામે ૮૦ટકા લોકો ગોરખધંધા એટલે કે ગુંડાગીરી કરે છે.મોદીએ આવા લોકો સામે રાજ્ય સરકારોને કડક હાથે કામ લેવા જણાવ્યુ છે.છેલ્લા કેટલાક મહિનાઓમાં ગૌરક્ષાના નામે દલિતો અને મુસ્લીમો પર હુમલા થયા છે. એ માનવતા પર કલંક છે. એટલે મોદીએ લોકો સાથે સંવાદ કર્યો એ સારુ થયું એમ સામનામાં જણાવાયું છે.

# વિરોધ પક્ષોએ દલિત દમન મુદ્દે મોદીના આક્રંદને તરકટી બતાવ્યું

ગૌરક્ષકો દ્વારા દલિતો પર થઇ રહેલા અત્યાચાર સામે ગુસ્સો ઠાલવતાં વડાપ્રધાન મોદીએ આપેલા બે-બે નિવેદનો પણ વિરોધપક્ષને સંતુષ્ટ કરી શક્યા નથી.કોગ્રેસે પુરા દેશમાં થઇ રહેલા દલિત પર દમનના મુદ્દે રાજ્યસભામાંથી સભાત્યાગ કર્યો હતો. વડાપ્રધાન મોદી આ મુદ્દે સંસદમાં નિવેદન આપે તેવી માંગણી કરી હતી.બસપા સુપ્રીમો માયાવતી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ કેન્દ્ર સરકારને ગાય અને દલિતોના મુદ્દે ઘેરી હતી.

કોગ્રેસે આક્ષેપ કર્યા હતા કે ગૃહમાં જવાબ આપવાને બદલે વડાપ્રધાન ગૃહની બહાર બોલી રહ્યા છે. દિલ્હીની ટાઉનહોલ મીટીંગ અને પછી હૈદાબાદમાં ઘટનાઓ અંગે દુ:ખ ઠાલવ્યું.અખિલેશે પ્રહાર કરતાં કહ્યું કે ગાય અને ગૌરક્ષાના મુદ્દે બધા જ ભાજપને ઓળખે છે. તેઓ સમાજના વર્ગો વચ્ચે અંતર વધારવાનુ અને વિકાસની ચર્ચાને આડે પાટે ચઢાવવાનું કામ કરે છે.તેમને પોતાનું નુકશાન દેખાયું ત્યારે નિવેદન કર્યુ

# કોલેજીયમ સીસ્ટમ બાબતે સુપ્રીમ કોર્ટ અને સરકાર વચ્ચે ગજગ્રાહ યથાવત

સુપ્રીમ કોર્ટના કોલેજીયમ હાયર જ્યુડિશયરીમાં જજોની નિમણુંકોમાં સરકારની સત્તા વધારવા માટેની દલીલ નકારી કાઢે તેવી શક્યતા છે. તેમાં જજોની નિમણુંકનું માર્ગદર્શન આપતા એક દસ્તાવેજ સુધારેલા મુસદ્દા એમઓપીમાં અરજીઓના મુલ્યાંકન માટે એક સ્ક્રુટીની પેનલ રચવા અને જજ માટે ઉમેદવારને નકારી દેવાના અધિકાર સહિતની સરકારની અને દરખાસ્તોનો સમાવેશ થાય છે.આમ સુપ્રીમ અને કેન્દ્ર સરકાર વચ્ચે આ મામલે ઘર્ષણ વધવાના એંધાણ છે.

સરકારની એવી અપેક્ષા છે કે સુપ્રીમ કોર્ટ આ બાબતે થોડીક છુટછાટ મુકે જેથી સરકાર તેમની અપેક્ષા મુજબની કાર્યવાહી કરી શકે. પરંતુ સુપ્રીમ સરકારની આ દાનત વિષે સજાગ છે તેથી સુપ્રીમ કોર્ટ તેમાં કોઇપણ રીતે ઢીલી નીતિ અપનાવવા માંગતી નથી.તેથી ગજગ્રાહ વધતો જાય છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ :** ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૯૮૬૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.